150 Birth Anniversary
SRI AUROBINDO
1872–1950

₹ ૨૦/-

શ્રી અરવિન્દની કાવ્યસૃષ્ટિઃ

પ્રભુ અર્પણ

ઓગસ્ટ - ૨૦૨૨

(શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની શબ્દસુધા)

Matter shall reveal the Spirit's face

Sri Aurobindo

શ્રી અરવિન્દ આપણને કહેવા આવ્યા હતા : 'સત્યને પામવા માટે આપણે પૃથ્વીને છોડી જવાની જરૂર નથી, આપણા આત્માને પામવા માટે આપણે જીવનને છોડી જવાની જરૂર નથી, પ્રભુ સાથે સંબંધમાં આવવા માટે આપણે જગતનો ત્યાગ કરવાની જરૂર નથી. અથવા તો માત્ર અમુક જ માન્યતાઓ ધરાવવાની નથી. પ્રભુ તો સર્વત્ર અને સર્વ વસ્તુઓમાં રહેલા છે અને જો તે છુપાયેલા છે, તો તેનું કારણ એ છે કે આપણે તેમને શોધી લેવાનું કષ્ટ ઉઠાવતા નથી.'

શ્રી અરવિન્દ

શ્રી અરવિન્દ : ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે

શ્રી અરવિન્દ જગતને ભવિષ્યની જે સુન્દરતાનો સાક્ષાત્કાર કરાવવાનો છે તેની જાણ કરવા માટે આવ્યા હતા. તેઓ માત્ર આશા આપવા નહિ, પરંતુ જગત જે ભવ્યતા તરફ ગતિ કરી રહ્યું છે તેની ખાતરી આપવા માટે આવ્યા હતા. જગત એક કમનસીબ અકસ્માત નથી; પરંતુ એક સુંદરતા છે, જે પોતાની અભિવ્યક્તિ પ્રતિ ગતિ કરી રહેલ છે.

શ્રી માતાજી

પ્રભુ અર્પણ

(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે.)

શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

ઓગસ્ટ– ૨૦૨૨ વર્ષ : ૦૮ અંક : ૮

અનુક્રમ

શ્રી અરવિન્દ : એમનાં કાવ્યો દ્વારા

વિભાગ - ૧

પ્રકાશ
વિદ્યુત્પુત્ર
અદ્વૈત
ગિરિમંદિર
પ્રભુ
પ્રતિમાની દેવી
અતિથિ
સાક્ષી આત્મા
નિર્વાણ
આંતર સમ્રાટ
મુક્તિ
જીવનમુક્ત
આમંત્રણ
કૃષ્ણ
સમર્પણ
દિવ્યકર્તા

વિભાગ - ૨

નીલ વિહંગમ
પરબ્રહ્મન
અંતર્વાસી વિશ્વરૂપ
અનંત સાહસ
વિશ્વચેતના
વૈશ્વિક માનવ
બૃહત્ યોજના
શિવ
તાદાત્મ્યનો આનંદ
બ્રહ્મનો આનંદ
અમૃતત્વ

વિભાગ - ૩

અવતારણા
સુવર્ણજ્યોતિ
દિવ્ય શ્રવણ
પ્રભુની માતા
દિવ્યદષ્ટિ
દિવ્ય ઈન્દ્રિયો
રૂપાંતર

વિભાગ - ૪

લોખંડી સરમુખત્યારો
અહો બહુ ય વેળ
રાત્રિના યાત્રી
અચિત્
દેવનું કર્મ - A God's Labour

*

વૃત્ત વિશેષ ૪૮
Notice For Annual General Meeting ૫૦

તંત્રી નોંધ :– શ્રી અરવિન્દે એક સમયે ટિપ્પણી કરી હતી કે એમના જીવન વિશે કોઈ પણ વ્યક્તિ લખી શકે નહિ, કારણ એમનું જીવન કદાપિ સપાટી પરનું જીવન રહ્યું નથી, કે જેને માણસો જોઈ શકે. જીવનચરિત્રકારો મુખ્યત્વે બાહ્ય ઘટનાઓની જ નોંધ લેતા હોય છે. છતાં આ બાહ્ય ઘટનાઓનું સાચું મૂલ્ય ત્યારે જ આંકી શકાય, જો એ ઘટનાઓને નિર્ધારિત કરનાર આંતર ઘટનાઓ અને ચેતનાવસ્થાઓને આપણે જાણતાં હોઈએ તો. શ્રી અરવિન્દના આંતર જીવનને પામવાની એકમાત્ર રીત છે એમનાં કાવ્યો દ્વારા તેમ જ આત્મકથાનકરૂપે એમણે લખેલા અમુક પત્રોના માધ્યમથી. શ્રી અરવિન્દની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે અમે એમણે લખેલાં કાવ્યોની શૃંખલા આ અંકના માધ્યમથી પ્રસ્તુત કરીએ છીએ, જે કાવ્યો એમના જીવન અને સાધનાના વિધવિધ સમયગાળાઓ દરમિયાનની એમની આંતરઅવસ્થાનું દર્શન કરાવે છે.



To the hill-tops of Silence

To the hill-tops of silence from over the infinite sea,
Golden he came,
Armed with the flame,
Looked on the world that his greatness and passion must free.

CWSA 2: 649

વિભાગ–૧

પ્રકાશ

પ્રકાશ, બસ હા પ્રકાશ, અણસીમ! અંધારને
હવે ન કંઈ સ્થાન. જીવનતણા અવિદ્યાભર્યા
ખુલ્યા સકલ ગર્ત : ઘોર અણતાગ પેટાળ જે
હતાં અચિત, તે હવે ઝગમગે સુઆશે ભર્યાં.

પ્રકાશ, અતિકાલ, અક્ષર પ્રકાશ ને એકલ!
ખુલે પુનિત દ્વાર મંદિરતણાં મહા ગુહ્ય જે.
પ્રકાશ, જલતો પ્રકાશ પ્રભુ-હાર્દના હીરકે
ઝલે મુજ ઉરે, ગુલાબ જ્યહીં ખીલતું હા અમર.

પ્રકાશ, છલતો અહા નસ નસે મહા કો રસે!
પ્રકાશ, સ્થિર ધ્યાનબદ્ધ! પ્રતિ કોષ મસ્તી ભર્યો,
પ્રકાશ થકી વિદ્ધ, ઝાળ મહીં મૂક આનન્દની
સજીવ ધરતો જ ભાન અવિનાશી વિશ્વેશનું.

પ્રચંડ ધ્રુતિના પ્રકાશ-જલધિ વિષે હું ક્રમું,
પરાત્પરની ટૂંક શાશ્વત શું જોડું ખીણો મમ.

અનુ : સુન્દરમ્ શ્રી અરવિન્દ

(દક્ષિણા - ૨ પૃ. ૩૯૧)

વિદ્યુત્પુત્ર

વિદ્યુત્તણો એક સુપુત્ર વીર્યવાન્
આવ્યો અહીં આ ધરતીતણા પટે,
એના હતા અગ્નિ-પદો બનેલ
પ્રવેગના, ભવ્ય, અપૂર્વ કાંતિમાન્.
ગર્ભાશયે જન્મ થયો પ્રકાશનો,
ને શક્તિ આવી ઘન-ગર્જનાની
ભરી રહી માનવ-દેહ-માળખું.

સ્વર્ગોતણો સ્વસ્થ પ્રશાંત વેગ,
અને મહત્તા મધુરી સુધામયી,
વિશુદ્ધ ભાવોર્મિ, પંખાળવી અને
શક્તિ-બધાં આવી ગયાં હતાં નીચે,
બધા ય દેવો અહીં એક મર્ત્ય
દેહે વસ્યા, એક ધરંત નામ.

આ ધૂંધળા સર્વ ભૂ-ગોલને અહો,
સ્વપ્નોભર્યા મોદભર્યા હરેક
પડે પડે એક વિશાળ મોજું
ગતિતણું સંચરી કંપવી ગયું,
ને જિન્દગીની ગતિ ભવ્યતાના
ઢળાઈ ઢાળે, કર સાગરા કો
ગ્રહી રહ્યા કાળતણાં જ ચક્રને.

અને પુનઃ આત્મ મનુષ્યકેરો —
ઉદ્દંડ ને સાહસપૂર્ણ દેવો
એને નિયોજંત સ્વકાર્ય મધ્યે,
બની રહ્યો સારથિ જિન્દગીનો
દીપ્તીભર્યો, ઉચ્ચ શૃંગો પ્રતિ શું
ફેંક્યો મહા વેગથી ભલ્લ જાણે
ઈશે, અહો, આંધીની પંખવાળા
સંક્રામતાં હા નિજના પથો પરે.

ને તખ્તીઓ જૂની ખરી પડી બધી
ખણંખણં, ને નિરજીવ ભીંત તે
પુરાણ મંદા પ્રકૃતિ તણી હા
ગઈ ચિરાઈ, પ્રભુ નિજ રૂપને
યુવાન સૌન્દર્યતણા - સુચિંતન —
જ્વાલાતણા કો નવલા જગત્ વિષે
નવો રહ્યા જન્મ દઈ નવેસર.

ને માનવોના અધરો પરે અહો
આવી વસી દિવ્ય ગિરા, મનુષ્યનું
જાગી રહ્યું અંતર કો પ્રકાશનાં
મહાદ્‌ભુતોની ધવલી ઉષા પ્રતિ,
અને હવા ભવ્ય પ્રકાશકેરું
થઈ રહી અંબર, હર્ષરૂપ
બની રહ્યો શ્વાસ, અને બની આ
દેવોતણા ખેલ સમાન જિન્દગી.

અનુ : સુન્દરમ્ શ્રી અરવિન્દ
(દક્ષિણા - ૨ પૃ. ૬૧૧)

અદ્વૈત

હતો વિચરતો હું તખ્તગિરિપે સુલેમાનના,
જયહીં લઘુક દેવધામ હતું શંકરાચાર્યનું,
કિનારી થકી કાળની મુખ અનંત પ્રત્યે ધરી
એકલ ખડું નગ્ન અદ્રિ પર, પૃથ્વીના વ્યર્થ આ
પ્રપંચ રમણીયનો વિલાસ પૂર્ણ સાધી જતું.

ત્યહીં સકલ મેર મારી હતું એક એકાન્ત હા
નિરાકૃતિઃ પદાર્થ સર્વ નિજ નામ ને રૂપને
વિસર્જી બસ એક તત્ત્વ અણનામ રૂપે થયા,
અજાત જગ-મુક્ત એવી ત્યહીં એક ભૂતાર્થતા,
હતી ન જયહીં ટોચ, ના હિંતલ, નિત્ય એ સુસ્થિર.

અને શિખર એક દુર્ગમ પરે મહામૌન કો
હતું દૃઢ વિરાજતુંઃ પ્રભુની એ જ વાચા હતી,
અજાણ જગ-આદિ, મૂક જગ-અંત, એ સૃષ્ટિના
પદાર્થ ક્ષણવાર-દ્રષ્ટા શ્રુત સર્વ ઉચ્છેદતું.

મહા પ્રકૃતિનાં રહસ્ય તણી મૂક ચોટી પરે
ખડી પ્રશમતા નરી, અચલ શાંતિ શૂન્યાત્મિકા.

અનુ : સુન્દરમ્ શ્રી અરવિન્દ
૧૯-૧૦-૧૯૩૯

ગિરિ મંદિર

ચડી પગથિયાં અનેક ગિરિ-સીડીનાં ત્યાં પછી
લહી ધરતીના શિરે રવિ-પ્રકાશથી ઉજ્જવલા,
મહા અચલ દેવી પથ્થર તણા ગૃહે એહના,
અકેલ બસ રાજતી ગહન ધ્યાનમાં લીન તે.

હતા મનુજ હસ્ત જ્ઞાની ધરી જેહણે એહને
ત્યહીં ઉપર ઊર્ધ્વમાં જગત-કાલના રાજ્યથી;
પ્રશાન્ત, શુચિ, એકલો, જગત સર્વનો આત્મ ત્યાં
રહ્યો પ્રગટી ગૂઢ નગ્ન નિજ રૂપ નિઃસીમને.

શરીર અમ બિંબ અલ્પ રહ્યું કો વિરાટ્ કેરું જે
લિયે છુપવી સંનિધિ નિજ અમારી મનુતા વડે.
શકે લખી નિગૂઢ આત્મ અમ માંહિ હા આવીને
મહા સઘન સાર, પૃષ્ઠ વળી એક આનંત્યનું,

થયેલ અભિવ્યક્ત શાશ્વતનું કૂટ કો તત્ત્વ હા
શકે જ વસી એક મૂર્તિ મહીં, શિલ્પ-સર્જ્યા મુખે.
અનુ : સુન્દરમ્ શ્રી અરવિન્દ
(દક્ષિણા - ૨ પૃ. ૩૯૯)

પ્રભુ

હતો નગર-પંથ, ધૂન સમ ગંડુની, ગાજતો,
અને ભય-ભુતાવળો નરતતી, હું બેઠો ત્યહીં,
અલૌકિક લહું કશુંક ઘટતું હઠાત્ — ઈશનું
શરીર મુજમાં થતું પ્રગટ, વીંટી લેતું મને.

અને નિરખું શીશ પે મુજ પ્રચંડ ત્યાં શીશ કો,
હતું વદન એહ શાંતિ અમૃતત્વની ધારતું,
હતી પરમ શક્તિમાન ત્યહીં દૃષ્ટિ — એ દૃશ્યને
વિશાળ નિજ વર્તુળે ગ્રહતી પૂર્ણ સામ્રાજ્ઞી શી.

ભળ્યા મરુત - સૂર્ય સંગ શિરકેશ એના જઈ,
હતું જગત એહના હૃદયમાં, હતા હું જ એ,
અને મુજ વિષે પ્રશાંતિ પરમાત્મની શાશ્વતા
ઠરી, બલ ઠર્યું પ્રભુનું — જગમાં ન જેને ક્ષય.

પસાર પલ એ થઈ, સકલ થૈ રહ્યું પૂર્વ શું,
પરંતુ સ્મૃતિ એહની અમર હા રહી હું વિષે.

અનુ : સુન્દરમ્ શ્રી અરવિન્દ
(દક્ષિણા - ૨ પૃ. ૩૫૯)

પ્રતિમાની દેવી

ત્યહીં નગર દેવને, લઘુક મંદિરે રાજતી
શિલાની પ્રતિમાથકી પ્રભુ રહ્યા લહી હું પ્રતિઃ
રહ્યું વિલસી દિવ્ય મૃત્યુ-પર એક સાંનિધ્ય ત્યાં, —
સ્વરૂપ નિજમાં ધરંતું સઘળાં ય આનંત્યને.

વિરાટ જગદંબિકા — પ્રખર એની ઇચ્છા તથા
ધરાની અતલાંત નીંદ મહીં આવી વાસો વસી,
અશબ્દ, પરમા સમર્થ, અવિગમ્ય, મૂક સ્થિતા
ત્યહીં રણ વિષે અને ગગનમાં તથા સાગરે.

હવાં મનસ-આવૃતા વસતી તે, ન બોલે કશું,
અશબ્દ, અવિગમ્ય, સર્વવિદ, ગુપ્ત એ તો વસે;
યદા નિરખશે જ આત્મ અમ સૂણશે — શી વિધે
ગ્રહંતી તન એ, પુજારી પ્રતિમા વિષે એક જે,

શકે પથર કે શરીર ધરી જેનું સૌન્દર્ય, હા,
રહસ્ય પણ જેહનું — પ્રગટ એ થશે ત્યાહરે.

અનુ : સુન્દરમ્ શ્રી અરવિન્દ
(દક્ષિણા - ૨ પૃ. ૩૬૧)

અતિથિ

અમર્ત્ય મુજ રૂપ મેં ગહન લીધ શોધી અહાઃ
વિગુંઠિત બનેલ પૃષ્ઠ થકી ચિત્તના, એ વિરાટ્,
ગભીર જગને નિહાળત અમર્ત્યની દૃષ્ટિથી,
મનુષ્ટ તણી રંગભોમ તણું દેવ-એ પ્રેક્ષક.

વ્યથા ન, નહિ શોક કો હૃદયનો અને અંગનો
શકે પદ ધરી જ એ અરવ શુદ્ધ વેદી પરે.
વિનાશ ભય, શ્વાન એ વિધિ તણા, વછૂટી જઈ
વિદારત શરીર ને નસ, — વિમુક્ત આત્મા અકાલ.

સુજાગૃત, પ્રભુતણું કિરણ, સાક્ષી મુજ વક્ષમાં,
રહ્યો મુજ અમર્ત્ય તત્ત્વ મહીં આત્મની જવાલ શો,
વિરાજત અકલ્પ્ય એ અતિથિ સર્વશક્તિમય.
સરે નિકટ મૃત્યુ, દાણ નિજની વિધાતા લિયે;

પ્રહાર સુણતો જ એ પ્રકૃતિ-વાસને ભાંગતાઃ
પ્રશાંત વિરમંત એહ, દ્યુતિવંત ને ભીષણ.
અનુ ઃ સુન્દરમ્ શ્રી અરવિન્દ
(દક્ષિણા - ૨ પૃ. ૩૭૯)

સાક્ષી આત્મા

વસું અચલ સ્વસ્થતા મહીં હું આત્મની ને રહું
વિરાટ તવ વિશ્વ-શક્તિ તણી સૌ ક્રિયાને લહી,
સરે પ્રબળ પાંખ એહતણી વીંધી આનન્ત્યને,
અને અમર અશ્વની કશી ફલંગ ત્યાં કાળની.

સુમૂક અતિ ચંડ આ પળતી શક્તિ પંથે નિજ
ઘુમાવત અનેક તારક - નિહારિકાનાં દલો,
મહા સરપ કો શી હર્ષમણિમંડિતા ફેણ ને
લઈ દશન દર્દના મુજ વિષે થતી ગૂંચળું;

અને અચિતના સમુદ્ર તમસાવૃતેથી ઉઠી
ચડે હૃદય ને મનો મનુજનાં પ્રભેદી ઉંચે,
પછી અડતી કો પ્રકાશ ભર નીંદનાં શૃંગ પે
મુદા, ચરમ તેજ કો પરમ શાશ્વતી ભોમનાં.

ધરી મુજ વિષે હું આ સકલ સ્થૈર્ય-ધૈર્યે રહું,
અગમ્ય તવ સંમતું પરમ જ્ઞાની સંકલ્પને.
અનુ : સુન્દરમ્ શ્રી અરવિન્દ
(દક્ષિણા - ૨ પૃ. ૩૪૩)

નિર્વાણ

(પૃથ્વી)

થયું સકલ લુપ્ત, **એ**કલ અવાક ગાજી રહ્યો.
વિચારવિનિમુક્ત ચિત્ત, ઉર મુક્ત સૌ શોકથી
અભાવ ધરતાં હવે નવ મનાય એવો; ન 'હું',
નથી પ્રકૃતિ ગોચરા, અથ અગોચરાયે નથી.
પણે નગર છાયની વરણભેદહીણી છબી
સમું તરવરે અવાસ્તવ; ઉઠાવહીણાં થતાં
પસાર ચલચિત્રમાળ સમ રૂપ ખાલી નર્યાં;
અકૂલ ગહને થતું જગત ડૂલ આખુંય આ.

અહીં અપરિસીમ **શા**શ્વત જ રાજતો, શાંતિ કો
અરૂપ અવિકંપ અદ્‌ભુત સમસ્તના સ્થાનમાંઃ
'અહં' સમય એકનું અવ બની જતું **તે** મહીં
અનામ અવકાશ નીરવ સુખે **અ**વિજ્ઞેયમાં
ગળંત, અથવા પ્રભાસ્વર **અ**નંતના અબ્ધિઓ —
તણા અનુભવો કરી પુલકવંત પોતે થતું.
અનુ : શ્રી પૂજાલાલ શ્રી અરવિન્દ
(શ્રી અરવિન્દનાં કાવ્યો : પૃ. ૩૩૬)

આંતર સમ્રાટ

હવાં હૃદયમાં વસેલ પુરુષોત્તમઃ સ્થાપતા
અહીં પ્રકૃતિ-ભોમ પે નિજનું ચક્રવર્તિત્વ હા.
તજી મગજ કેરી કેદ મન મારું આવે બહિર્,
રહે વરસી, આત્મ-શૃંગ થકી તેજના સિંધુ શું.

પ્રશાંત દ્યુતિ રૂપ શક્તિ મુજ પ્રાણની, માહરે
ઉરે શયિત, ઈશના હુકમ કેરી રાહે ખડી, —
મહા ગરુડ જેવી પંખ નિજ બ્હોળી વિસ્તારતી :
થશે ત્યહીં સવાર દેવ ગગનોતણા ઊર્ધ્વના.

પરામુદનું સ્વર્ણ દ્વાર થઈ ઈન્દ્રિયો માહરી,
દગે, શબદ, સ્પર્શમાં રણઝણંતી કોઈ મુદા,
રહી છલકી અંધ મંદ જડ દેહનો કોપ આ :
જવાબ મુજ દે તમસ્ પ્રભુતણા દ્યુતિ-સાદને.

વસી પ્રભુ વિષે યથા પ્રકૃતિ, તેવી મારે વિષે
પ્રશાંત, અમૃતા, અનંત, જયી એક દી રાજશે.
અનુ : શ્રી પૂજાલાલ શ્રી અરવિન્દ
(દક્ષિણા - ૨ પૃ. ૩૮૧)

મુક્તિ

સમસ્ત અવકાશથી બૃહત ચિત્ત-આત્મા મમ
બને; વિગલી જાય કાળ ત્યહીં હૃષ્ટ એકાકી એ
બૃહત્ મહિં : શરીર લુપ્ત થતું, રેખ, ઝાંખી કૃતિ,
બનંત સ્મૃતિ એક કો વિજનતા વિષે આત્મની.

મહાન દ્યુતિ વૈભવે ધવલ એક આનન્ત્યના
અદશ્ય થતું વિશ્વ કોઈ ક્ષણિક સ્થિતિના સમું,
બનંત પ્રભુ-નૃત્ય કાજ નરી પીઠ કો સુંદર,
વિરાટ મુજ મોદનો ય ગૃહ-ખંડ ર્‌હેતું બની.

સુખી પુલકપૂર્ણ ભીતરની શૂન્યતામાં બૃહદ્,
પ્રકાશ મહીં લુપ્ત ચિત્ત, — મુદમાં ડુબી કામના,
બની વિમલ પારદશ્ય સ્થિરતા સમાં ધારતાં
મહા પરમ શાશ્વત પ્રભુની શાંતિ-આજ્ઞા શિરે.

અવર્ણ્ય પ્રભુનો પ્રદેશ અબ આ બન્યું જીવન,
થઈ પ્રકૃતિ અંત, આત્મ બસ એકલો હા રહ્યો.
અનુ : સુન્દરમ્ શ્રી અરવિન્દ
(દક્ષિણા - ૨ પૃ. ૩૮૯)

જીવન્મુક્ત

અહીં રહી નીરવ એક શાંતિ,
આ મૂક આત્મા ધરતી તણે જે
જાણી કદી તેથી મહા વિશાળવી,
અસ્પંદિતા આત્મ વિષે વસી તે
પ્રભુતણી જે પદપીઠ છે બન્યો,
અનન્તતાઓ થકી નિત્યસ્પૃષ્ટ જે.

અહીં વસ્યો એક પ્રકાશ જે હજી
લાધ્યો નથી ભૂમિનિબદ્ધ દૃષ્ટિને
છલી રહ્યો કો દગ સર્વદર્શીની
જ્યોતિ-મઢેલી ગહના વિષે એ.
ઝૂલી રહે અંબર શી પ્રભુતણી
પ્રગાઢ શાંતિ પ્રકૃતિતણા યદા
અબ્ધિ પરે સૌ ગતિમુક્ત ત્યારે
જાગી રહે પ્રાદુર એ બનેલ.

હ્યાં એક શક્તિ અવતીર્ણ જેને
ચળાવી જીતી વિધિ યે શકે ન,
એ પર્વતોથી ય વધુ પ્રશાંત છે,
રેલંત એ નીર થકી ય વિસ્તૃત.
તેજોભરી સ્વસ્થ પ્રશાંતિકેરું
અનન્ય સામર્થ્ય નર્યું, ધરી રહ્યું
અશ્રાન્ત સંધાં જગતો — જુગો એ.

વ્યાપી અહીં એક મુદા પરાત્પર
કો શાશ્વતાનંદ ભરી, અહીં સ્થિત
ઊર્ધ્વસ્થ કો હર્ષપ્રકર્ષ અક્ષરઃ
તે સર્વના પ્રીતમ, સર્વ-સુંદર
પ્રભુતણા બાહુ વિષે લઈ ધરે
અદ્વૈત પાશે ગતિ સર્વ પ્રેમની.

એ કાલની મંદ ગતિથી મુક્ત થૈ,
વિચારથી શબ્દથી પાર એ જઈ,
પ્રભુતણા શાશ્વત અંતરે ઠરે
આમોદતો મગ્ન, ત્યહીં સમૂર્ધ્વે
સર્વજ્ઞ મૌને સ્થિત, વિસ્તરી રહે
ચૈતન્યનાં ઇંગિત-રૂપનાં પટ.

આવી વસ્યો મર્ત્ય શરીર તો ય એ
અમર્ત્ય, ના બંધન સીમ એ લહે,
કલ્પો બન્યા એહની ક્રીડનસ્થલી,
ને વિશ્વનું જીવન, કર્મજીવન
એની બને તેજલ ભવ્ય છાયા.

પ્રતીક્ષતી આ પ્રકૃતિતણા કરે
પ્રભુતણાં કૈં બળ લાવી આપવા,
એની મહા જીવન વેદનાને
નિવારવા પંખવિશાળી શાંતિથી,
એના પુરાણા વ્રણ કૈં વિષાદના
આનંદના લેપનથી રુઝાવવા,
અચેતનાનાં તમસો પરે તથા
પ્રકાશને પાથરતો જ કેવલ
શ્વસી રહ્યો, કર્મ કરી રહ્યો એ.

સૌ ચિત્ત કેરી લઘુ ભાવનાઓ
ન અર્થ એને, પ્રભુનો અનંત જે
માણી રહ્યો વૈભવ, એહને મળ્યો
એ શાશ્વતીમાં સ્થિત સર્વરૂપ
વિશ્વેશમાં આશ્રય, ભોમિયો, સુહૃદ્.

અનુ : સુન્દરમ્ શ્રી અરવિન્દ

(દક્ષિણા - ૨ પૃ. ૫૮૯-૫૯૧)

આમંત્રણ

આસપાસ મુજ અફળાતાં લઈ પવન અને તોફાન
ચડું પ્હાડ પર, લઉં વેત - વન - વિસ્તારોનાં માન.
કોણ આવશે મારી સાથે?
ચડશે કોણ શિલોચ્ચય-માથે?
સ્રોતો કરશે કોણ પસાર?
કોણ બરફ પર પગલાં માંડી મને આપશે રે સહચાર?

નથી તમારાં નગરો કેરાં ક્ષુદ્ર વર્તુલોમાં મુજ વાસ,
આપે જ્યાં સંકટમોચાંમાં દ્વાર અને ભીંતો તમ ત્રાસ;
નીલ ગગનમાં વ્યાપ્ત અનંત
પ્રભુ મારા શિર પર શોભંત,
મારી સામે પવનો ને તોફાનો બંડ કરંતાં ખાસ.

નિર્જનતા સાથે હું રમતો આ મારાં મંડલ મોઝાર,
દુઃસાહસને છે મેં મારો એક બનાવી દીધો યાર;
કોણ જીવશે વ્યાપક ભાવે?
કોણ જીવશે મુક્ત સ્વભાવે?
ઝંઝાએ ઝટકાતી ઊંચી ભોમે કોણ થશે ચડનાર?

છું હું પ્રભુ પ્રભંજનનો, ને છું પ્રભુ પર્વતનો પડછંદ,
છું હું સ્વતંત્રતાનો આત્મા, પ્રગલ્ભતાનો પ્રાણ અમંદ;
મારે રાજ્યે ભાગ પાડવાવાળા,
મારે પડખે રહી ચાલવાવાળા,
ખડતલ તારે બનવું પડશે
અને બાંધવો પડશે ખતરાની સાથે સંબંધ.

અનુ : શ્રી પૂજાલાલ શ્રી અરવિન્દ
(શ્રી અરવિન્દનાં કાવ્યો : પૃ. ૧૮૩)

કૃષ્ણ

આ ભીષણ ને મધુર જગતમાં જન્મ જીવતણો,
શા માટે થયો'તો, તેનો મર્મ મને આખરે છે લાધ્યો,
પૃથ્વીના ક્ષુધિત હૃદયનો મને અનુભવ થયો,
કૃષ્ણના ચરણ માટે સ્વર્ગ પાર ઝંખતું'તું જેહ.

અમર લોચનોતણી સુન્દરતા મેં પ્રત્યક્ષ કીધી,
પરમપ્રેમીની બંસરીના સુણ્યા સૂર ભાવાવેશી,
જાણી છે મેં મૃત્યુહીન મહામુદા ઓચિંતી રેલાતી,
ને સદાને માટે મૂક હૈયે મારે દુઃખશોક થયા.

સમીપતર સમીપતર હવે આવે છે સંગીત,
અદ્‌ભુત મહાસુખે પ્રકંપમાન થઈ ઊઠે પ્રાણ;
વિશાળ વિમુગ્ધ સ્તબ્ધતા ધરતી પ્રકૃતિ સમસ્ત,
આશા રાખે, નિજ નાથ સ્પર્શશે, આલિંગશે ને કરશે સરૂપ.

ભૂતકાળના યુગો આ એક ક્ષણ માટે હતા જીવ્યા :
અંતે મારામાં પૂર્ણતા પામી વિશ્વ હવે રહ્યું સ્પંદી.

અનુ : શ્રી પૂજાલાલ — શ્રી અરવિન્દ
(શ્રી અરવિન્દનાં કાવ્યો : પૃ. ૩૯૩)

સમર્પણ

અહો પરમ, જેહનું કરણ હું બની છું રહ્યો,
વસંત મુજમાં અહો પ્રકૃતિ, ગૂઢ આત્મા જ હે !
બનો સકલ સત્ત્વ મર્ત્ય મુજ તાહરી દિવ્યતા-
તણા સ્થિર પ્રકાશમાં ગલિતરૂપ હા સર્વથા.

સમર્પ્યું મન મેં થવા તવ મનસ્ તણી વાહિની,
સમર્પી દિધ મેં સમસ્ત મુજ ચિત્ત સંકલ્પને
તવૈવ બનવા, રહો ન કંઈ શેષ મારું હવે
અવર્ણ્ય અમ ગુહ્ય આ મિલન અંતમાં, નાથ હે !

તવ પ્રણયની જગત્-ધબક મારું ઝીલે હૃદય,
શરીર મુજ તાહરા જગત-હેતુમાં યંત્ર હો,
વહે તુજ મુદ-પ્રવાહ મુજ સો નસો-તંતુમાં,
વિચાર મુજ જ્યોતિ-શ્વાન તવ શક્તિના હસ્તમાં.

મને તું તવ ભક્તિ અર્થ મુજ આત્મ દે કેવલ,
તને હું મળું તાહરા પ્રતિ તનુ પ્રતિ આત્મમાં.
અનુ : સુન્દરમ્ શ્રી અરવિન્દ
(દક્ષિણા - ૨ પૃ. ૩૭૫)

દિવ્ય કર્તા

નિહાળું જગની સમસ્ત ઘટના સમાનાત્મથી,
હરેક મહીં તાહરાં ડગ સુણાય, તારા પદો
અદશ્ય પળતા પથે વિધિતણા સમક્ષે મમ,
પ્રમેય જગનો પ્રચંડ બસ તું જ સંપૂર્ણ છો.

ન કોઈ ભય આત્મકેરી મુજ શાંતિ હાવાં હરે,
તવૈવ મુજ કર્મ, કાર્ય તવ સાધી હું તો પળું,
પરાજય ઝુલી રહે અમર બાહુમાં તાહરે,
બને વિજય તાહરો પથ વિધિતણા દર્પણે.

અહીં મનુજના નસીબ સહ જંગ આ વન્યમાં,
લસંત મુજ અંતરે સ્મિત તિહારું મારું બલ,
વસેલ મુજ માંહિ શક્તિ તવ ભવ્ય આયોજને
મચી સખત, કાલ-સર્પતણી ભૂલી મંદા ગતિ.

શકે હણી ન કોઈ શક્તિ મુજ આત્મને, એ તુંમાં
વસંત, તવ સંનિધિ અમરતા બની માહરી.
અનુ : સુન્દરમ્ શ્રી અરવિન્દ
(દક્ષિણા - ૨ પૃ. ૩૭૭)

વિભાગ – ૨
નીલ વિહંગમ

(ચોપાયા)

પંખી છું હું, પંખી પ્રભુનું, નીલ ચિદંબરકેરું,
સત્ય, સુભગ, સુમધુર સૂનૃતનું મારું ગાન અનેરું;
દિવ્યોદાત્ત વિશદ મુજ સૂરો ગતિ ગગનોમાં કરતા,
દ્યુતિપંખાળ અને દેવોના શ્રવણોમાં સંચરતા.

મર્ત્ય-ભોમથી જવાળા સમ હું ચડું ગગનમાં ઊંચે,
શોક-શલાકા તથા દુઃખની કરચ જહીં ના ખૂંચે;
ને દુખિયારી મનુજતણી આ જન્મજમીને કીચે
મહામુદાનાં જવલંત બીજો નાખું છું હું નીચે.

સ્થળ ને કાળતણી ઓ પારે પાંખો મારી ચગતી,
કદી ન ઝાંખી પડતી એવી જ્યોતિ જ્યાં ઝળહળતી;
શાશ્વતના મુખદર્શનનો હું મહાનંદ હ્યાં આણું,
પરમાત્માની દૃષ્ટિતણાંયે વરદાનોનું વ્હાણું.

રત્નરુચિર મારાં લોચનથી ભુવનમંડળો માપું;
પ્રજ્ઞા-પારમિતાને તરુએ ચરણ ચિદંબર થાપું,
સ્વર્ગમયી જે પર મંજરીઓ પુંજ પુંજ કૈં મ્હેકે,
વહે શાશ્વતીતણા પ્રવાહો સમીપ જ્યાં લય-લ્હેકે.

ઉજ્જવલંત મુજ અંતરથી ના રહે કશુંયે છાનું,
સ્પંદહીન મુજ મને વટાવ્યું શાસન સૌ સીમાનું;
પરમ પ્રહર્ષણતણી સુગહના કળા — ગાન એ મારું,
અમૃતાત્મક સંકલ્પ ઉડ્ડયન બની ગયું મુજ પ્યારું.

અનુ : શ્રી પૂજાલાલ — શ્રી અરવિન્દ

(શ્રી અરવિન્દનાં કાવ્યો : પૃ. ૩૬૪)

પરબ્રહ્મ

(ઝૂલણા)

ભ્રમણ સૂર્યોતણાં આ થતાં તે બધાં, નિજવડે જેમની વૃતિ કરાઈ
તે ઉચિત તાલ ને લયતણા માપમાં ચાલતાં રમણ આ તારકોનાં,
- એકલાં એ જ ના, કિંતુ દુર્મેય જે વ્યૂહ સૌ વિશ્વમાં વસ્તુઓના,
ચિર **સ**મય, અમિત અવકાશ જે ધારવા શકત, તે છે ક્ષણો દેવતાઈ.

રૂપ લેનાર તે ચિંતનજ્યોતિઓ, પરમ મહનીય જે વસ્તુઓ છે
તેમને અંતરે રાજતા **આ**ત્મની દૃષ્ટિનાં તે બધાં દર્શનો છે;
એટલે એ સકલ સત્ય સદ્રૂપ છે પરમ ઐશ્વર્યનાં પ્રસ્ફુરંત.
નિયમ-પ્રતિમાન છે પ્રક્રિયાઓ સમાયોજના આપ જેની કરંત.

વસ્તુજાતોતણો **આ**ત્મ જે, તે અગમ તેમના બાહ્ય સંદર્શનોને,
શક્તિ જે અંતરે તે જ નિર્ણય કરે, શક્તિ તો **આ**ત્મ પોતે જ છે એ;
આપણે જાણતા તે બધી વસ્તુઓ-રૂપ સંચલન એનું બને છે.
ચિત્તચિંતનતણી ગતિ જ તે, જેહને **દિક્** તથા કાળ લોકો કહે છે.

અંતરે રાજતો મુક્ત અધિરાજ વિભુ નિજ રચિત સર્વ સંચારનો એ
આપ જે કૈં કરે અગર જે કૈં રચે તે થકી નહિ જ બંધાયલો એ
પાપ ને પુણ્યના પાશ એને નથી બંધને નાખવાને સમર્થ,
જાગતો તોય નિદ્રિત જ **એ** હોય છે, જાગતો હોય છે જવ સુષુપ્ત.

એ નથી બદ્ધ જાગ્રત અવસ્થા થકી, કે નથી બદ્ધ **એ** સુપ્તિથીયે;
કોઈયે ચીજ કેરા ન બંધનમહીં **એ** પડે કોઈ વેળા કદીયે,
નિયમ નિર્મિત થયા હોય જે તે પરે વિજય એ મેળવે એ જ હેતુ
સર્પવું કે ગગન ઊડવું, ચડ-પડો, સર્વ સ્વેચ્છાતણો એક કેતુ.

એક શાશ્વત સમાથી સમૂર્ધ્વે સ્વયં ઈશ આત્માતણો **આ**ત્મવાન,
કોઈયે જે ન'તો ને વળી જે હતું કોઈ પણ રૂપ ન્હોતું નિદાન,
તે છતાંયે નિરાકાર પણ જે ન'તો, જેહની પૂર્ણતા પૂર્ણભાવી,
દ્વેષ કે પ્રેમ, કે શાંતિ કે ક્ષુબ્ધતા ના શકે બદ્ધ સીમે બનાવી.

'अस्ति' એવુંય **એ**ને વિષે જાય ના કહ્યું, 'असत' એય છે ખ્યાલ એક.
નિજ વિષયનો અતર્કિત સમો **એ**હનો, આપણાં ચિત્ત સંમૂઢ છેક
એ ઉષા સમ પ્રકટતો નિકટ આપણી, અનુસરશું એહના ક્ષિપ્ર પાયો
કિંતુ કોણે કર્યો પ્રાપ્ત **એ**ને ? ક્યા બાહુઓ માંહ્ય **એ** છે ઝલાયો ?

છે બધું જે તહીં **એ** કશુંયે નથી, તે છતાં **એ** જ છે સર્વ કાંઈ;
સર્વમય માત્ર **પો**તે ન, પણ ક્યાંય છે અધિક **એ**ની પ્રસરમાં વડાઈ.
એ મહાસાગરે ગરક થાયે ઉભય-**કા**ળ ને સાથ તેની **અ**કાળ;
કાળ એની લહર માત્ર છે એક, ને **દિક્** ભ્રમણશીલ કો બિંદુ બાળ.

સ્વસ્વરૂપાંતરે છાયરૂપે કર્યું પ્રકટ જીવાત્મનું સત્ત્વ **એ**ણે
-જન્મ યુવતર નિજાત્માતણો, સ્વાત્મને અર્ધ આચ્છાદને રાખવાને
આપમેળે જ બુરખો ધર્યો; અને જ્ઞાન તે આ નથી તો નથી કાંઈ અન્ય,
નિજતણું જે મહામૂળ છે તેહની થાય ઝાંખીય તો ધન્ય ધન્ય.

થાય ઝાંખી પરમ ઉચ્ચ આનંદની, ને વિભવવંત આ વિશ્વનો જે
છે પ્રભવ તે અનંતાત્મકેરી, મહા-ઉત્સ છે સકલ સંસારનો જે,
પરમ આનંદ જેનું સદા ચાલતું કાર્ય વિપરીત જે તે મહીંયે,
જે ગુલાકે લહે મૂર્છના, ને જતો જે સકંજે મરોડાઈ દુઃખે.

આ બનાવેલ **એ**નું હતું ક્રીડનાંગણ ત્રિવિધ રૂપ ધારંત જે તો,
રમણ કરતો મુહૂર્તેક **એ એ**ક ત્યાં, ફૂલ નિજ ચૂંટતો, ડંખ સ્હેતો
મધુકરી મક્ષિકાઓતણો નિજ, ભયાકુલ બની નિજ થકી **આ**પ સોતે
ભાગતો ભડકણો, ને વિષાદે વિકળ પણ થતો **એ** ઘણીવાર પોતે.

એક **એ** સર્વસામર્થ્યવંતે લહ્યા શ્રમ, અફળતા, તથા યુદ્ધ માંડ્યાં,
જ્ઞાન વિસ્મૃત કર્યું, પ્રાપ્ત કરવા પુનઃ તર્ક-અનુમાન કામે લગાડ્યાં,
મૃત્યુ લોલુપ બનાવ્યું અને એહને નામ જીવનતણું આપ અર્પ્યું,
પરમ સુખથી થયો આપ દંશિત અને દુઃખનું નામ એને સમર્પ્યું.
અનુ : શ્રી પૂજાલાલ — શ્રી અરવિન્દ
(શ્રી અરવિન્દનાં કાવ્યો : પૃ. ૨૦૮-૨૦૯)

અંતર્વાસી વિશ્વરૂપ

ધરું જગત હું સમસ્ત મુજ આત્મ-આશ્લેષમાંઃ
જલંત મુજ માંહિ આર્ક્ટરસ ને મહા બેલ્ફેગોર.*
સજીવન હરેક રૂપ પ્રતિ દૃષ્ટિ વાળું ત્યહીં
નિહાળું મુજનો જ દેહ, મુખ માત્ર એને અવર.

મને નિરખતાં સહુ ય દૃગ તે જ મારાં દૃગ;
રહ્યું ધબકી સર્વ વક્ષ મહીં હૈયું જે તે મુજ.
વહે જગત કેરું આ સુખ સુરા સમું હું વિષે,
અને અચુત દુઃખ એ જગતનાં વ્યથાઓ મુજ.

તથાપિ સહુ કર્મ એ જગતણાં જ મોજાં સમાં
પસાર થત હું પરે; સ્થિર સદા ય હું ભીતરે,
અજાત રહી બેસું, કાલ થકી મુક્ત, અગ્રાહ્ય હુંઃ
પદાર્થ સહુ છાંય શા મુજ પ્રશાંત દર્પણ વિષે.

ધરે જગત ચક્રને મુજ વિશાળ પરતા-પરાત્;
રહ્યો હું ત્યહીં ગુપ્ત જેમ રહ્યું સાગરે મૌક્તિક.
અનુ : સુન્દરમ્ શ્રી અરવિન્દ
(દક્ષિણા - ૨ પૃ. ૩૩૩)

અનંત સાહસ

ઝુકાવી મુજ કિશ્તી મેં અવ અનામ આનંત્યનાં
મહા જલ પરે, તજી તટ મનુષ્યના દીધ મેં;
વિલુપ્ત મુજ પૂંઠળે સહુ થતું, અને સંમુખે
અજાણી રહી ખીણ, પંજ પ્રકટંતી જ્યોતિ ફિકી.

અદશ્ય કર કો સુકાન ત્યહીં મારું સંચારતો,
નિશા જલધિ વીંટતી રચના શ્યામ કો વીથિકા, -
ક્ષુધા અચિત કોઈ સિંહ સમ રોદતી ત્રાડતી,
ઢળી શું મૃત યોગીકેરી જલધિ શી નિદ્રા મહા.

* બે મોટા તારાઓ

અહો, પરમ શક્તિ જેહ રહું ઢૂંઢી તેનું બૃહત્
સ્વરૂપે મુજને વીંટે, મુજ તળે વિરાટ એહના
સમુદ્ર, અણદશ્ય દૂર ગિરિશૃંગ અણબોટિયાં.

થઈશ લય હું અનન્યતમ એકલ બ્રહ્મમાં,
અને પ્રકટતી હઠાત્ પ્રભુની વિદ્યુતે જાગી હું
મુદા 'દ્ભુત બની રહીશ પરમેશ-પ્રાકટ્યની.

અનુ ઃ સુન્દરમ્ શ્રી અરવિન્દ
(દક્ષિણા - ૨ પૃ. ૩૫૩)

વિશ્વ ચેતના

વિશાળ જગ આ વિશાળતર આત્મમાં માહરા
વિંટાવ્યું, સ્થલ-કાલ આત્મતણી દષ્ટિ મારે બન્યા,
અહો હું સુર ને હું છું અસુર, પ્રેમ હું, પિતૃ હું,
હું છું મરુતની ગતિ, ઝળહળંત હું તારલો.

સમસ્ત પ્રકૃતિ અહા મુજ શિશુ શી સંવર્ધું હું
હું છું કલહ એહના, ચરમ એની વિશ્રાંતિ હું;
વહે મુજ વિષે પ્રહર્ષ પુલકાવતા સૃષ્ટિના,
વ્યથા મુજ સુના ઉરે હું વહું કોટિકોટાનની.

શિષ્યો હું જન સર્વ સંગ ઘન એક તાદાત્મ્યને,
છતાં હું નહિ બદ્ધ જેહ ધરું રૂપ તેથી લવ;
પુકાર મુજ ભીતરે અખિલ વિશ્વનો ધારી હું
ચડું છું મુજ તે સમૂર્દ્વ અવિનાશી ધામ પ્રતિ.

ચડું સમય પાર, જીવનથી પાર પાંખે બૃહત્,
તથાપિ સહુ જાત જીવ અણજાત શું એક હું.
અનુ ઃ સુન્દરમ્ શ્રી અરવિન્દ
(દક્ષિણા - ૨ પૃ. ૩૪૭)

વૈશ્વિક માનવ

હું આરપાર નિહાળું છું આ જગતની, ના કો ક્ષિતિજ મુજ દષ્ટિને અવરોધતી;
હું જોઉં છું પારિસ અને ટોક્યો અને ન્યૂ યૉર્કને,
હું બૉમ્બ જોઉં ફૂટતા આ બાર્સિલોનાની ઉપર, કૅન્ટોનના માર્ગો ઉપર.
મનુજનાં અગણિત કુકર્મો ને વિરલ શુભકર્મ સર્વે બની રહ્યાં હા એકલા મુજ આ વિષે.
એ જે પશુ હણાતો હું તે, જે પંખીને ચણ દેત ને રક્ષંત તે, હું તેહ છું.
અણજાણ ચિત્તોના વિચારો એમના રોમાંચથી મુજને કરે ઉદાત્ત હા,
કોટિ જનોની વેદના હું મુજ અટૂલા હૃદયની ભીતર વહું.

અનુ : સુન્દરમ્ શ્રી અરવિન્દ

(દક્ષિણા - ૨ પૃ. ૪૪૧)

બૃહત્ યોજના

મને મધુ પુકાર ના વિવશ જિન્દગીના કરે,
ન હર્ષ રુજ, મોહિની ન લવ એહનાં હાસ્ય વા,
શમી સહુ ગઈ જ જાદુઈ સુરાવલી બંસીની,
શમ્યાં સકલ રૂપ, રંગ, લઘુજીવી સંહર્ષ સૌ.
સુણીશ મુજ આત્મની વિજન વિસ્તૃતિને વિષે
મહા શબદ જે કુટે મનુજ ઓષ્ઠ મૂંગા યદા,
અહો, ચરમ શાશ્વતી અરવ મૌનથી જન્મિયા
પદાર્થ પરમોત્તમોની રસખાણ ઢૂંઢું હું તો.

વસી તરસ એક આત્મમહીં માનવીના અરે
તલો ઉપરના રસો ન છિપવી શકે એહને;
મનુષ્ય-મન-જિન્દગી : વિભવ-જ્ઞાન એમાં વસ્યાં
વિશાળતર વસ્તુનાં લઘુગતિ પુરોગામી સૌ,
વિરાટ નકશાની એક ગુંચવાઈ રેખાકૃતિ,
પુરોવચન ઈશના પરમ તે મહાકાવ્યનું.

અનુ : સુન્દરમ્ શ્રી અરવિન્દ

(દક્ષિણા - ૨ પૃ. ૩૫૫)

શિવ

મહા ધવલ શૃંગ પે પરમ શાશ્વતીના ત્યહીં
વસંત બસ આત્મ એકલ નર્યાં જ આનંત્યનો,
અને નિજ અનન્યતા અગમ, નગ્ન આનંદની,
સુસાવધ, પ્રશાંતિના અગન-પટ્ટથી રક્ષતો.

અહો, પણ સ્ફુરંત કો પરમ મોદ નૈજાત્મ્યનો,
રહે નિરખી એ અનંત અવકાશ વીંધી નીચે,
અને લહત ત્યાં અચિત્ અરવતા વિષે ધ્યાયતી
વિરાટ જગદંબનો શબ્દહીન આનંદ ત્યાં.

ઝિલી દૃગ-પ્રપાત એ અરધ-જાગૃતા ઊઠતી,
અને જગત એહના હૃદય-સ્પંદ-સંકલ્પથી
ચઢ્યાં ભ્રમણમાં રચે પરમ રાગનાં નર્તન.
સ્ફુરે ધબક પ્રાણ કેરી, મન જન્મતું એહમાં,

રહે નિરખી એ ત્યહીં જ શિવ-રૂપ પોતાનું જે,
અને ઉછળી આત્મ આત્મતણી હા ભુજામાં ઢળે.

અનુ : સુન્દરમ્ શ્રી અરવિન્દ

(દક્ષિણા - ૨ પૃ. ૩૬૫)

તાદાત્મ્યનો આનંદ

મળી પ્રકૃતિને સમસ્ત અવ જ્ઞાન-દીક્ષા મહા,
તમામ જગ છે ઢળેલ મુજ ગાઢ આશ્લેષમાં.
મુદા પ્રણયના જ્વલંત અયિ હાર્દ નિઃસીમ હે,
કશું ધબકી તું રહ્યું મનુજ મર્ત્યના વક્ષમાં!

પરા મુદ તવૈવ મારી સહુ હા નસોમાં જ્વલે.
અને મુજ સહુ ય કોષ અણુ તુંથી રોમાંચિત;
શરીર મુજ પાત્ર તારું બન્યું ને રહ્યું માત્ર તે
સજીવન સુરાનું જામ તવ તીવ્ર આનંદની.

સુવર્ણ તવ જ્યોતિ કેરું બની હું રહ્યો કેન્દ્ર છું,
અને પરિઘ એહનો અતિ વિશાળ ઝાંખો હું છું,
મહાન મુજ આત્મ તું, ધવલ ને પ્રભાપૂર્ણ હા,
તવૈવ મુજ ઈન્દ્રિયો જ્વલત, મન, સંકલ્પ મુજ.

રહું અનુભવી અનંત તવ આત્મ-ઉચ્છ્વાસને,
બન્યું ધબક મારું જીવન જ શાશ્વતીની તવ.

અનુ : સુન્દરમ્ શ્રી અરવિન્દ

(દક્ષિણા - ૨ પૃ. ૩૮૩)

બ્રહ્મનો આનંદ

આનંદનો હું ધવલ ફીણે શોભતો સાગર બન્યો છું,
હું પ્રભુના હર્ષની છું લહર વાંકડિયાળ હા,
હું સુખભર્યા ઉત્કટ પ્રકાશતણો પ્રવાહ નિરાકૃતિ,
સ્વર્ગનાં ઝરણો તણો હું છું વમળ.

હું પ્રભુની પર-મુદાઓની અહા પ્યાલી જ છું,
હું ઈશના સ્વર્ણિમ રસોની શક્તિ કેરું વજ્ર છું,
હું સૃષ્ટિના શિખરે ઝલકતો અગ્નિ છું આનંદમય,
હું ઈશના હર્ષ પ્રખરની એહ અદ્ભુત ખીણ છું.

હું પ્રભુનાં તેજ પીને મત્ત છું,
અણજન્મિયા એ ઈશના સૌન્દર્યથી હું મ્હાત છું,
મેં જોયું છે નિજ ચક્ષુથી શાશ્વત પ્રભુ કેરું વદન.

એ ઈશની ચમકંત તલવારે ચીર્યું મુજ ચિત્ત છે,
એના મુદામય સ્પર્શથી ભેદાયેલું મુજ હૃદય છે,
ને એહની ઝળહળ કૃપા કેરી અહો
ઉલ્કાતણી હા ધૂલિ જીવન મારું છે.

અનુ : સુન્દરમ્ શ્રી અરવિન્દ

(દક્ષિણા - ૨ પૃ. ૫૫૯)

અમૃતત્વ

અગાધ ગટકાવી મુક્તિ બસ મેં પ્રભુની સ્વયં,
અને ત્યહીંથી ગુહ્ય કો પરમ શક્તિ આવી રહીઃ
રહેલ ધરતીતણા સુચિર વસ્ત્રમાં ગુપ્ત હું
અશબ્દમય છું સ્વરૂપ સુવિશાળ, મુક્તિભર્યું.

અહો પરમ એહ શક્તિ થકી મુદ્રિતા કો ક્ષણ
મને જગ-પ્રપંચ-પાશ થકી ઉદ્ધરી હા રહી,
વિલોપ કરી મૃત્યુનો—સમયનો હવે માહરી
વસે પ્રકૃતિ હા અતાગ અમૃતત્વના અંતરે.

કરાર પ્રભુનો હવે રદ તમામ અજ્ઞાન શું,
બન્યો સમય શાશ્વત પ્રભુનું અબ્દ અણ-અંત હા,
અનંત ધબકંત વ્યોમમય માહરા આત્માનું
સ્વરૂપ સુવિશાળ હા નિજ અજાત જ્યોતિ-તનુ

ધરા-વસન પૂંઠળે કરત રેખિત; સ્પષ્ટ હા
બને અમરરૂપ કો વદન-ઢાળ મ્હોરા તળે.

અનુ : સુન્દરમ્ શ્રી અરવિન્દ
(દક્ષિણા - ૨ પૃ. ૪૫૭)

અવતારણા

(છંદ : બૃહત્ પૃથ્વી)

જ્વલંત દ્યુતિછોળ એક મુજ દેહકોષો બધા છલાવી પુલકાવતી,
સ્ફુરે મુજ શરીર-આત્મ ઉભયે બૃહત્ કો મુદા,
પ્રકાશ—અધિકાધિક પ્રકાશ જલધિ સમો મુજ શિરે —
દશે ય દિશ પૂર્ણ ગર્જી રહ્યો.

થયું મુજ શરીર કો અચલ અદ્રિ શું, મૂર્તિ શું, સુસ્થિર,
વિરાટ સમ વિસ્તૃતિ અનુભવે, વહે અખિલ સૃષ્ટિના ભારને;
વિશાળ અવતારણા પ્રભુ તણી મહા દુર્ભરા
પ્રવિષ્ટ થતી મર્ત્ય અંગો વિષે.

સમૃદ્ધ બહુશઃ, અશબ્દ, ધસતી અનંતના હું પરે;
મને સઘન સ્પર્શતી અવતરે પ્રભા પ્રખર શાશ્વતા શક્તિની;
બને હૃદય ચિત્ત વિશ્વમય વિશ્વ-વૈશાલ્યને લે ગ્રહી;
ધરતીના શમે મર્મરો.

હિરણ્યમય વ્યોમના પટ પરે પટો ઝડપભેર ઓળંગતું,
થતું સ્ફુટિત જ્ઞાન, વિદ્યુતની વર્ષણા વેગિલી;
અવર્ણ્ય પરતા તણાં દ્યુતિલ હર્મ્યથી નીસર્યાં વિચારદલ ઊઠતાં
ઝબકી આત્મમાં માહરે.

ધીમે ધબકતા લયે હૃદયસ્પંદ શું ઘણ વિરાટકેરા પડે;
સવેગ મુજ પાસ ધામથકી ઈશના પ્રેષિત સ્વરો સરકી આવતા,
મહા શબદ તુંગ શૃંગ પ્રકૃતિતણે રાજતા,
પરા મુદતણા રથો.

થઈ અખિલ સૃષ્ટિ એકરસ ઐક્યમાં ગુંફિત,
અનંત કંઈ શક્તિઓ, અમર કૈંક આત્માગણો,
નટેશ-રસ-રાસમાં ભળે, પટ વણે અખંડ પ્રકૃતિતણો,
અમરતાતણો છંદ કો.

શરીર-મન-પ્રાણ આત્મનની એક વીણા બન્યાં,
ગ્રહ્યા પરમ સૂર શાશ્વત, રણી રહ્યાં ગાન તે, —
પ્રકાશ બલ ને મુદા, અમર જ્ઞાન અન્યોન્ય આશ્લેષીને,
ખડાં સ્થિર થઈ સદા.

અનુ : સુન્દરમ્ શ્રી અરવિન્દ

(દક્ષિણા - ૨ પૃ. ૬૨૯, ૬૩૧)

Seer deep-hearted

Seer deep-hearted, divine king of the secrecies,
Occult fountain of love sprung from the heart of God,
Ways thou knewest no feet ever in Time had trod.
Words leaped flashing, the flame-billows of wisdom's seas.
Vast thy soul was a tide washing the coasts of heaven.
Thoughts broke burning and bare crossing the human night,
White star-scripts of the gods born from the book of Light
Page by page to the dim children of earth were given.

CWSA 2: 677

સુવર્ણજ્યોતિ

સુવર્ણ તવ જ્યોતિ આવી મુજ મસ્તકે સંચરી,
અને ભુખર ઓરડા મન તણા રવિ-સ્પૃષ્ટ થૈ
નિગૂઢતમ જ્ઞાન-ભૂમિ પ્રતિ સાદ તેજસ્વી તે
રહ્યા દઈ, પ્રકાશ સ્વસ્થ, દ્યુતિ-જ્વાલ એ થૈ રહ્યા.

સુવર્ણ તવ જ્યોતિ આવી મુજ કંઠમાં સંચરી,
અને સકલ વાચ મારી અબ દિવ્ય થૈ રાગિણી,
બુલંદ જયગાન તારું બસ સૂર એનો હવે,
પ્રમત્ત મુજ શબ્દ તારી અમૃતા સુરાથી બન્યા.

સુવર્ણ તવ જ્યોતિ આવી મુજ હાર્દમાં સંચરી,
સજાવી ગઈ જિન્દગી મુજની શાશ્વતીથી તવ,
હવાં બની છ એહ મંદિર, નિવાસ એમાં તવ,
અને સકલ ઊર્મિ એની તવ માત્ર આરાધક.

સુવર્ણ તવ જ્યોતિ આવી મુજ પાયમાં સંચરી
હવાં મુજ ધરા તવૈવ રમણાંગણ — આસન.

અનુ : સુન્દરમ્ શ્રી અરવિન્દ

(દક્ષિણા - ૨ પૃ. ૩૫૧)

દિવ્ય શ્રવણ

અવાજ સહુ, સર્વ સૂર તવ સૂર છે થૈ રહ્યાઃ
વિહંગ રવ સર્વ, ગર્જન ઘનોનું, સંગીત હા,
બધો કલબલાટ જીવનતણો સુખો-દુઃખનો,
મનુષ્યતણી વાચનો લય, હળુ વધ્યા શબ્દ સૌ,

સમુદ્ર તણું ચંડ હર્ષભર અટ્ટ એ હાસ્ય હા,
વિમાન અવકાશ જીતી ગગને શું ઘુર્રાટતું,
ધરા-શ્રવણ વેગ-બ્યૂગલ બજાવતી મોટર,
અને કમન યંત્રના ખટખટાટ, ભેરી તણો

નિનાદ અવકાશની મરુત-શિંગી પે ગાજતો,
સુદૂર તણી—કો અગમ્યતણી ટ્હેલ મૂકી જતો,
પ્રદેશ રવિ-દીપ્ત, સાગર-પથો તણી કૈં સ્મૃતિ, —
બધાં ય તવ ઝાંય અદ્‌ભુત, કથા હવાં થૈ રહ્યાં.

સરે ગુપત વીંધી અંધ ઉર ગીતિ સંવાદની,
અને સકલ થાતું સુન્દર — અહો તું છો એટલે.
અનુ : સુન્દરમ્ શ્રી અરવિન્દ

(દક્ષિણા - ૨ પૃ. ૩૩૧)

દિવ્ય દૃષ્ટિ

હવાં તવ મુદા થકી અમર દૃષ્ટિ પ્રત્યેક થૈઃ
શકે નિરખી આત્મ ચક્ષુ મુદલીન દ્વારા મુજ;
વિદીર્ણ પરદો બન્યો, ન શકતાં દગો એ ચુકી
ચમત્કૃતિ કશી જ તારું જગરૂપ પ્રાકટ્ય આ.

હરેક જગ-વસ્તુ દર્શન તણા મહા મોદમાં
ગ્રસાઈ તવ અંશ રૂપ બની હા રહી છે હવે,
પ્રતીક પરમા મુદાનું તવ તત્ત્વમાંથી રચ્યું,
ઘડાઈ કવિતા સજીવ ઉર માંહિ સૌન્દર્યના,

સુયોજનની, રંગની પરમ કોઈ રચના-કૃતિ,
પ્રચંડ મધુરાઈ પંખ પર આવતી ભવ્યની;
રહસ્યભર રેખનું સભર કોઈ આશ્ચર્ય હા
પદાર્થ અતિ પ્રાકૃતે ય પ્રગટાવી નિજને રહે.

રહ્યાં સકલ રૂપ તારી મુદ-વાણી શાં સ્વપ્નની,
અહો પરમ હે, અહો અયિ અનંત સંમૂર્ત હે!
અનુ : સુન્દરમ્ શ્રી અરવિન્દ

(દક્ષિણા - ૨ પૃ. ૪૦૩)

દિવ્ય ઇન્દ્રિયો

અવશ્ય અવ તો ન હું ધરતીનાં જમું ભોજનો,
હું તો અમર લોકનાં જ ફલ-પત્ર ભોજું હવે!
ઉપાડી મુજ ઇન્દ્રિયો સુખથકી મનુષ્યોતણાં
બૃહદ્ મુદ વિષે 'દ્ભુતે પરમ દીધ સંસ્થાપી તેં.

હવાં શ્રવણ - દૃષ્ટિ મારી પરમોચ્ચ આનંદ છે,
ધરાની સહુ ગંધ ખોલી નિજ હાર્દ માધુર્ય કો
દ્રવંત, અતિ ઉત્કટ પ્રખર ખુશ્બુ જાણે સ્વયં
ગુલાબતણી-સૃષ્ટિના સઘન રક્ત આશ્ચર્યની.

હરેક અહીં સ્પર્શના ધસત ગાઢ રોમાંચમાં
લહું પરમ તાહરો, પ્રભવતો શું આનંત્યથી —
અખંડ બસ કંપ એ; અહ, મુદાતણી એ પળે
ખિચોખિચ ખચાઈ તારી અવિનાશી દૈવી મુદા.

શરીર અબ તો પ્રકૃષ્ટ તવ મોદના પાવક
અકામ, પુનિત જ્વલંત શુભ અગ્નિથી પ્રજ્વળે.
અનુ : સુન્દરમ્ શ્રી અરવિન્દ

(દક્ષિણા - ૨ પૃ. ૪૦૯)

રૂપાંતર

સ્ફુરંત મુજ શ્વાસ સૂક્ષ્મ લયબદ્ધ કો વ્હેણમાં;
ભરંત મુજ ઇન્દ્રિયોની મહીં દિવ્ય કો શક્તિ એઃ
અનંત પ્રભુ પીધ મેં શું મદિરા મહા દૈત્યની.
બન્યો છ મુજ નાટ્ય કાળ — મુજ સ્વપ્ન સરકંત વા.

હવાં મુજ સુદીપ્ત કોષ બનિયા મુદાનું જ્વલત્
સુયોજન, અને બની પુલકપૂર્ણ શાખામયી
સમસ્ત મુજ નાડીઓ ધવલ સ્વચ્છ ન્હેરો સમી
પ્રવાહ રસ ઝીલવા પરમ ઈશ અજ્ઞાતનો.

હવે હું નહિ દેહનો વિવશ દાસ, હું ના હવે
ગુલામ પ્રકૃતિ તણો — જરઠ એહના રાજ્યનો;
હવે હું નહિ ઈન્દ્રિયોની લઘુ જાળ મધ્યે ફસ્યો.

અસીમ મુજ આત્મ વિસ્તરત કો મહા દષ્ટિમાં,
શરીર મુજ ઈશનું કરણ પ્રાણવંતું સુખી,
અને અમર જ્યોતિનો રવિ વિરાટ આત્મા મમ.
અનુ : સુન્દરમ્ શ્રી અરવિન્દ

(દક્ષિણા - ૨ પૃ. ૫૫૫)

લોખંડી સરમુખત્યારો

ચહ્યું નિરખવા તને જ, પણ ચાર લોખંડી ત્યાં
પડ્યા નજર ઘોર શાસન કરંત અમ શ્વાસનું,
અસત્ય-પતિઓ, મહા નૃપતિઓ અવિદ્યા તણા,
પ્રચંડ પરિશાસકો પ્રખર દુઃખ ને મૃત્યુના.

ક્યહીંથી અહ ઘોર આપખુદ આ બળો આવિયાં,
કઈ અચિત આંધળી અહ અનંતતામાંથી એ, -
કરોડ કંઈ જૂઠના બસ પ્રચારકો નિષ્ઠુર,
અસહ્ય દુઃખના બન્યા જગતના મુખત્યાર એ?

કહે તું અથવા શું તેં જ ધર્યું મ્હોરું આ ચોવડ?
લપેટી તવ કાલમુક્ત ઉરને અહા કાલમાં,
દિધો જકડી આત્મ તેં જગત-કાર્યમાં એહના,
તને જ અહીં પામવા ગુપત ચંડ આ ખેલમાં.

શકે તું જ ઉઠાવી, તું હિ, અણજેય ઘેરો જ એ,
અહો દ્યુતિ, અહો અમર્ત્ય મુદ, શાંતિ આહ્‌લાદિકા!
અનુ : સુન્દરમ્ શ્રી અરવિન્દ

(દક્ષિણા - ૨ પૃ. ૪૪૩)

અહો, બહુ ય વેળ...

અહો, બહુ ય વેળ, મંદગતિના યુગોનાં મહા
પિછે કદમ કાલના બૃહત સાગરે જિન્દગી-
તણા ખડક કેરી ધાર પર જ્યાં થતાં, મેં ત્યહીં
કબૂલ કર્યું મૃત્યુ, હાર સહી લીધ, જેથી તને
બને પતન માહરું કંઈક લાભ દેનાર હા.

અચિત્-કર વિષે જ તેં કુટિલ હક્ક દીધો દઈ
પ્રવાસ મુજ આત્મનો ધ્રુતિભરેલ હા રોધવા,
પદે પદ નિશાતણો જ કર નાખવા : ને વિધિ,
મહા મુનિમ રાત્રિનો, સહુ હિસાબ રાખી રહ્યો.

હવાં ચહુ દિશે બળો અસુરનાં મને ભીંસતાં;
બન્યું જગત એમનું, ઉપજ સર્વ હા એમની;
ઘવાયલ છું અંગ અંગ, અતિ ઘોર સંગ્રામ હા.
હજી શું નહિ તાહરા વિજયની ઘડી ઢૂંકતી?

ભલે તવ યથા રુચિ! ઋણ તને વિધાતાનું જે,
પુરાણમુનિ, જાણતો તું, બસ જાણતો — કેટલું.

અનુ : સુન્દરમ્ શ્રી અરવિન્દ

(દક્ષિણા - ૨ પૃ. ૪૫૩)

રાત્રિનો યાત્રી

નિશા સહ સુયોજ્યું મેં મિલન; ખીણ પેટાળમાં
સુનિશ્ચિત કરાઈ તે મિલનકેરી ભૂમિ અમઃ
અને અમર તે પ્રકાશ પ્રભુનો હું ધારી ઉરે
કરાળ તિમિરાળ એનું ઉર જીતવા સંચર્યો.

પ્રભામય મનસ્તણા સકલ વૈભવોને તજી,
પ્રશાંત રસ દિવ્ય રૂપ થયલા તજી આત્મનો,
વિશાળ પટ ધૂસરા તિમિરના હું વીંધી પળ્યો
તટે ભુખર, જ્યાં જલો છલકી અજ્ઞ એનાં રહ્યાં.

હવાં વિરસ પંક ખૂંદત ભમું હું ટાઢાં જલો
સમીપ, પણ ના સમાપ્તિ ક્યહીં શુષ્ક યાત્રાની આ;
ત્રિકાલ-પર ઓસરી ય પ્રભુતા પ્રભા-સંભૃતા,
અને સ્વર ન દિવ્ય એ સુહૃદનો ય આવે લવ.

છતાં મન વિષે મને જ — પગલાંની કેડી મુજ
મહા સુપથ હા થવાની અમૃતત્વના ધામનો.
અનુ : સુન્દરમ્ શ્રી અરવિન્દ

(દક્ષિણા - ૨ પૃ. ૩૩૯)

અચિત્

ઢળી હતી અનંતતા અચિત ઝાંખી, કો શૂન્ય શી
દિસંત ઘનશ્યામ-પંખતણી નીંદમાં, તે થકી
અભાન જલધિની ભીતરથી જાગી શક્તિ ઉઠી,
મહા અગન-આંધી અદ્‌ભુત અનન્ય સામર્થ્યની.

વિરાટ કશી બુદ્ધિ કોઈ ભમનારી નિર્દ્રસ્થ — એ,
વિચારતણી ના ક્રિયા, નહિ જ કોઈ સંયોજના,
તથાપિ વિરચી ગઈ જ્વલત ભવ્ય આ તારકો,
સજીવ પશુ દેહ સૌ, મગજ માનવીનું રચ્યું.

કઈ પ્રખર ભૂખ, સુસ્થ ગતિ કોણ આકસ્મિકી
સજીવન બની રહી અખિલ વિશ્વને જાણવા?
કયું ગહન જાદુ અંકતણું, નૃત્ય કો યાંત્રિક
વિકાસી ગયું ચેતના, સ્વતઃ લીધ આત્મા ધરી?

હતું તમસ સર્વશક્તિમય ઈશનો વાસ એ,
શિરોવસન પૂર્ણ ચિન્મયનું, ઈશ-મુખ-ગુણ્ઠન.
અનુ : સુન્દરમ્ શ્રી અરવિન્દ

(દક્ષિણા - ૨ પૃ. ૩૪૫)

A God's Labour

I have gathered my dreams in a silver air
Between the gold and the blue
And wrapped them softly and left them there,
My jewelled dreams of you.

I had hoped to build a rainbow bridge
Marrying the soil to the sky
And sow in this dancing planet midge
The moods of infinity.

But too bright were our heavens, too far away,
Too frail their ethereal stuff;
Too splendid and sudden our light could not stay;
The roots were not deep enough.

He who would bring the heavens here
Must descend himself into clay
And the burden of earthly nature bear
And tread the dolorous way.

Coercing my godhead I have come down
Here on the sordid earth,
Ignorant, labouring, human grown
Twixt the gates of death and birth.

I have been digging deep and long
Mid a horror of filth and mire
A bed for the golden river's song,
A home for the deathless fire.

દેવનું કર્મ

મેં સ્વપ્ન વીણ્યાં મુજ કો રૂપેરી
હવા વિષે, સ્વર્ણ ને નીલ મધ્યે
ને તેમને હું હળવે લપેટી ત્યાં મૂકી આવ્યો,
તારા વિષેનાં મુજ સ્વપ્ન-રત્નો.

આશા ધરી ઈન્દ્ર ધનુષ્યનો મેં પુલ બાંધવાને,
ધરા તણું વ્યોમ શું લગ્ન સાંધી,
ને વાવવા ભાવ અનંતતાના
મેં નર્તતા આ ગ્રહ નાનલે ચહ્યું.

સ્વર્ગો હતાં એ અમ કિંતુ ઝાઝાં
અતિપ્રકાશી, અતિ દૂર દૂરનાં
અપાર્થિવી એહની વસ્તુ અતીવ કોમળી;
પ્રકાશ એ ભવ્ય વેગી અમારો
ટકી શક્યો ના;
ઊંડાં હતાં મૂળ બહુ ત્યહીં ના.

જે વાંછતો સ્વર્ગ અહીં ઉતારવા
તેણે સ્વયં મિટ્ટી વિષે જ આવવું
ર્‌હેશે નીચે, ને પૃથિવી તણી આ
પ્રકૃતિ તણો બોજ ઉઠાવી લેઈ
ગ્લાનિ ભર્યો એ પથ કાપવો પડે.

દેવત્વ મારું લઈ રૂંધી નીચે
આવ્યો અહીં મ્લાન ધરા પરે હું
મૃત્યુ અને જન્મનાં દ્વાર વચ્ચે
અજ્ઞાન, ઝૂઝંત બન્યો છું માનવ.

હું પંક ને ઘોર દુર્ગંધ મધ્યે
ઊંડું ઊંડું ખોદી રહ્યો છું ક્યારનો
સુવર્ણની તે સરિતાનું ગીત જે
તે કાજ આંહીં પટ બાંધવાને,
ગૃહ બાંધવા અગ્નિ અમર્ત્ય કાજે.

I have laboured and suffered in Matter's night
        To bring the fire to man;
But the hate of hell and human spite
        Are my meed since the world began.

For man's mind is the dupe of his animal self;
        Hoping its lusts to win,
He harbours within him a grisly Elf
        Enamoured of sorrow and sin.

The grey Elf shudders from heaven's flame
        And from all things glad and pure;
Only by pleasure and passion and pain
        His drama can endure.

All around is darkness and strife;
        For the lamps that men call suns
Are but halfway gleams on this stumbling life
        Cast by the Undying Ones.

Man lights his little torches of hope
        That lead to a failing edge;
A fragment of Truth is his widest scope,
        An inn his pilgrimage.

ઝૂઝ્યો ઘણું છું, ઘણું મેં સહ્યું છે
જડત્વની રાત્રિ વિષે મનુષ્યની
સમીપ અગ્નિ લઈ આવવાને;
લાધ્યાં મને હા પણ સૃષ્ટિ આદિથી
ઈનામમાં નારકી ધિક્‌કૃતિ અને
મળ્યો તિરસ્કાર મનુષ્ય કેરો.

મનુષ્યનું છે મન છેતરાયલું
એના પશુરૂપ થકી; ધરે એ
આશા મળે એહની વાસનાને
ફતેહ, એ ધારી રહ્યો સ્વભીતરે
પિશાચ કો ઘોર, વિમોહ જેને
છે શોકનો, પાપ તણો ઘણો ઘણો.

પિશાચ એ મ્લાન પ્રકંપતો રહે
આવે યદા સ્વર્ગની જ્યોતિ, જે જે
વિશુદ્ધ આનંદ ભરેલ તેથી
ડરંત એ; નાટક એનું માત્ર
ચાલે પ્રહર્ષે, દુઃ વાસનાથી.

ચોમેર સંઘર્ષ, રહ્યું તમિસ્ર;
જે દીવડાને જન સૂર્ય ક્હેતા
એ તો રહ્યા આ લથડંત જીવને
અર્ધા પ્રકાશો અમરોથી ઢાળ્યા.

જલાવતો માણસ આશ કેરી
નાની મશાલો નિજ, જે લઈ જતી
નૈષ્ફલ્યની ધારની મેર; એને
બની રહે છે ટુકડો ય સત્યનો
વિશાળથી ક્ષેત્ર વિશાળ એક,
ને ધર્મશાળા થત એની યાત્રા.

The Truth of truths men fear and deny,
The Light of lights they refuse;
To ignorant gods they lift their cry
Or a demon altar choose.

All that was found must again be sought,
Each enemy slain revives,
Each battle for ever is fought and refought
Through vistas of fruitless lives.

My gaping wounds are a thousand and one
And the Titan kings assail,
But I dare not rest till my task is done
And wrought the eternal will.

How they mock and sneer, both devils and men!
"Thy hope is Chimera's head
Painting the sky with its fiery stain;
Thou shalt fall and thy work lie dead.

"Who art thou that babblest of heavenly ease
And joy and golden room
To us who are waifs on inconscient seas
And bound to life's iron doom?

સત્યોનું જે સત્ય મનુષ્ય એથી
ડરી રહ્યા, ઠોકરી એહને રહ્યા,
પ્રકાશનો જેહ પ્રકાશ એને
ઇનકારતા, જેહ દેવોની પ્રત્યે
છે એમની ધા, અજ્ઞાન એ તો,
કે વેદીને એ વરતા જ આસુરી.

જે જે મળ્યું તે ફરી સાધવું પડે,
હણાયલો શત્રુ હરેક જીવતો
ફરી બને, યુદ્ધ હરેક નિત્યે
નૈષ્ફલ્યના જન્મ-પથોની મધ્ય થૈ
ફરી ફરીને લડવાનું ર્‌હેતું.

ખુલ્લા અરે ઘા મુજ છે હજાર ને એક,
ને દૈત્ય કેરા પતિ આક્રમંતા,
પરંતુ હું ના વિરમી શકું લવ
ન કાર્ય મારું થયું સિદ્ધ જ્યાં લગી,
ને સાધી મેં ઈશની પૂર્ણ ઇચ્છા.

કેવા અરે મશ્કરી ને મજાક
ઉડાવતા રાક્ષસ ને મનુષ્યો!
'છે આશ તારી શિર કલ્પનાનું
રંગી રહી જે નિજ અગ્નિ ડાઘથી
આકાશને; તું ઢળશે ધરા પરે
ને તાહરું કાર્ય વિનાશ પામશે.

'રે કોણ તું આ બકવાટ આદરે
સ્વર્ગીય આરામ તણો, પ્રહર્ષનો,
સોનેરી અંતઃપુરનો અમારી
સમક્ષ — જે અમે
અચેતના-સાગર પે તરંતાં
છૈં લાકડાં ને બસ બદ્ધ છે રહ્યા
લોખંડી ભાવિ સહ જિન્દગીના?

"This earth is ours, a field of Night
    For our petty flickering fires.
How shall it brook the sacred Light
    Or suffer a god's desires?

"Come, let us slay him and end his course!
    Then shall our hearts have release
From the burden and call of his glory and force
    And the curb of his wide white peace."

But the god is there in my mortal breast
    Who wrestles with error and fate
And tramples a road through mire and waste
    For the nameless Immaculate.

A voice cried, "Go where none have gone!
    Dig deeper, deeper yet
Till thou reach the grim foundation stone
    And knock at the keyless gate."

I saw that a falsehood was planted deep
    At the very root of things
Where the grey Sphinx guards God's riddle sleep
    On the Dragon's outspread wings.

‘આ છે ધરિત્રી અમ, રાત્રિ કેરું
એ ક્ષેત્ર છે હા અમ નાનકા આ
ને કંપતા અગ્નિઓનું. સહે એ
કઈ વિધે હા પુનિત પ્રકાશને,
સહી શકે દેવની ઝંખના કશે ?

‘લે આવ, એની કરી કત્લ દઈએ,
ને એહનો પંથ મિટાવી દઈએ !
પછી થશે હા હૃદયો અમારાં
વિમુક્ત, એના પ્રકાશ ને
શક્તિતણા પુકારથી
ને બોજથી, ને વિશાળ એની
વિશુભ્ર શાંતિ તણી હા લગામથી.’

પરંતુ છે દેવ વિરાજતો મુજ
આ માનવી અંતરમાં, લડી એ
રહેલ છે ભૂલની સંગ ને વિધિ
તણી ય સંગે, ને ખેડતો એ
પથ કર્દમો ને વેરાન મધ્યે
અનામ અકલંક પ્રભુ કારણે હા.

બોલી ઊઠ્યો કો સ્વર ત્યાં, ‘તું જા રે
ગયું ન જ્યાં કોઈ જ! ખોદ ઊંડે,
ઊંડે વધુ યે હજી, જ્યાં લગી તું
પ્હોંચી શકે કઠુણ કાળમીંઢ
પાયા તણા પથ્થરને, ટકોરા
દિયે તું ચાવીહીણ દ્વારની પરે.

મેં જોયું કે એક અસત્ય છે રહ્યું
વવાયલું સર્વ પદાર્થ મૂલમાં
જ્યાં નારસિંહી* રહી વૃદ્ધ રક્ષતી
પ્રભુ તણી એ સમસ્યા રહી જે
નિદ્રા કરંતી
ફેલાયલી પંખ પરે મકરની.

* સ્ફિન્ક્સ

I left the surface gods of mind
And life's unsatisfied seas
And plunged through the body's alleys blind
To the nether mysteries.

I have delved through the dumb Earth's dreadful heart
And heard her black mass' bell.
I have seen the source whence her agonies part
And the inner reason of hell.

Above me the dragon murmurs moan
And the goblin voices flit;
I have pierced the Void where Thought was born,
I have walked in the bottomless pit.

On a desperate stair my feet have trod
Armoured with boundless peace,
Bringing the fires of the splendour of God
Into the human abyss.

He who I am was with me still;
All veils are breaking now.
I have heard His voice and borne His will
On my vast untroubled brow.

મેં મૂકી દીધા મનની સપાટીના
દેવો બધા, જીવનના સમુદ્રો
અતૃપ્ત છોડ્યા, ઝુકાવી દીધ મેં
શરીરની વીથિ અંધારમાં થૈ
પાતાળનાં ગુહ્ય રહસ્ય પામવા.

મેં ખોદ્યું છે મૂંગી ધરા તણા હા
હૈયા વિષે ભીષણ જઈ અને ત્યાં
સુણ્યા છ મેં ઘંટ જ આરતીના
અંધારઘેરી ત્યહીં રાત્રિ મધ્યે.
મેં જોયું છે મૂળ જ્યહીંથી એની
ફૂટે વ્યથાઓ, કશું આંતરિક
રહેલ છે કારણ નર્ક કેરું.

મારી પરે ઉપરમાં વિલાપતા
છે મર્મરો એ મકરાકૃતિના,
વહી રહ્યા પ્રેત-અવાજ કાંઈ;
હું શૂન્યને ભેદી ગયો છું જ્યાંથી
જન્મ્યું હતું ચિત્ત, અને પળ્યો છું
ગર્તા વિષે હા તળિયાવિહોણી.

નિઃસીમ કો શાંતિથી સજ્જ થૈને
મારા પદો ભીષણ સીડી કોઈ
ચડી ગયા છે, ત્યહીં માનવીની
ખીણે અને એ લઈ આવિયા છે
પ્રભુ તણા તેજ ભરેલ અગ્નિઓ.

હું જે રહ્યો તે મુજ સંગમાં હતા
હજી લગી; ગુંઠન સર્વ હાવાં
ભાંગી રહ્યાં. શબ્દ સુણ્યો અને મેં
હા એમનો, મારી વિશાળ અક્ષુબ્ધ
ભ્રૂ પે વહ્યો મેં સંકલ્પ એમનો.

The gulf twixt the depths and the heights is bridged
And the golden waters pour
Down the sapphire mountain rainbow-ridged
And glimmer from shore to shore.

Heaven's fire is lit in the breast of the earth
And the undying suns here burn;
Through a wonder cleft in the bounds of birth
The incarnate spirits yearn

Like flames to the kingdoms of Truth and Bliss:
Down a gold-red stairway wend
The radiant children of Paradise
Clarioning darkness' end.

A little more and the new life's doors
Shall be carved in silver light
With its aureate roof and mosaic floors
In a great world bare and bright.

I shall leave my dreams in their argent air,
For in a raiment of gold and blue
There shall move on the earth embodied and fair
The living truth of you.

- Sri Aurobindo

ઊંડાણ ને ટોચની મધ્ય આવ્યા
અખાત પે હા પુલ છે રચાયો
ને નીર સોનેરી વહી રહ્યાં છે
નીલાદ્રિના ઇન્દ્રધનુષ્ય મંડિત
અંગે થઈ, એ ચમકી રહ્યાં એ
બંને તટોનેસભરા ભરંતાં.

પૃથ્વી તણા હાર્દની ભીતરે હા
અગ્નિ હવે સ્વર્ગ તણો જલ્યો છે,
અને અહીં મૃત્યુવિહીન સૂર્યો
બળી રહ્યા છે, સીમા વિષે
જન્મની એક અદ્‌ભુત
ચિરાડમાં થૈ કંઈ દેવતાઓ

સાક્ષાત્ રહ્યા ઝંખી જ જવાલ જેમ
આનંદ ને સત્યનું રાજય સર્જવા :
તેજે ભર્યાં બાળક સ્વર્ગ કેરાં
સુનેરી રાતી સીડીએથી આવતાં
અંધારના અંતની ભેરી બાજતાં.

થોડું વધુ ને નવ જિન્દગીનાં
દ્વારો હવે રૌપ્ય પ્રકાશમાં હા
કોરાઈ જાશે, હશે જ એહને
તેજે ઝગંતું શિર છાપરું ને
હશે વળી આરસ કેરી ફર્શ
મહાન કોઈ જગમાં અકેલા પ્રકાશપૂર્ણ.

હું માહરાં સ્વપ્ન ધરીશ ત્યાંહીં
રૂપેરી એ એમની હા હવામાં,
સુનેરી ને નીલ સજી સુવસ્ત્ર
પૃથ્વી પરે સંચરી હા રહેશે
સદેહ ને સુંદર સત્ય તારું સજીવ પૂર્ણ.
અનુ : સુન્દરમ્ શ્રી અરવિન્દ

(દક્ષિણા - ૨ પૃ. ૫૩૧થી ૫૪૧)

વૃત્ત વિશેષ

શ્રી અરવિન્દ કેન્દ્ર ગાંધીનગરમાં શ્રી અરવિન્દની ૧૫૦મી જન્મજયંતી વર્ષ નિમિત્તે માર્ચ, ૨૦૨૨ દરમિયાન યોજાએલ કાર્યક્રમોની વિગતો.

(૧) ૨૭ માર્ચ, ૨૦૨૨ સુશ્રી જ્યોતિબહેન થાનકીના વાર્તાલાપનું આયોજન. વાર્તાલાપનો વિષય હતો : શ્રી અરવિન્દ, જીવન અને કાર્ય.

(૨) ૨૯ માર્ચ, ૨૦૨૨, શ્રી માતાજીના પ્રથમ આગમન અને શ્રી અરવિન્દ સાથેના પ્રથમ મિલનની ઘટના નિમિત્તે ભક્તિ-સંગીતના કાર્યક્રમનું આયોજન અને તે દિવસનું મહત્ત્વ સમજાવતો વાર્તાલાપ સુશ્રી જ્યોતિબહેન થાનકીએ રજૂ કર્યો હતો.

(૩) ૧૩ મે, ૨૦૨૨ના રોજ ગાંધીનગરની બી.પી. કૉલેજ ઑફ બી.બી.એ.ના ૩૫ વિદ્યાર્થીઓ તથા ૧૦ પ્રાધ્યાપકો માટે અડધા દિવસની શિબિરનું આયોજન. શિબિરાર્થીઓને શ્રી અરવિન્દના જીવન પ્રસંગો વિશે તથા શ્રી માતાજીના જીવનનો પરિચય કરાવવામાં આવ્યો હતો.

(૪) સુશ્રી જ્યોતિબહેન લિખિત પુસ્તક : 'સ્વાતંત્ર્ય સંગ્રામના પથસર્જક : શ્રી અરવિન્દ'. ના ભગવદર્પણનું આયોજન તા. ૨૪ એપ્રિલના રોજ કરવામાં આવ્યું હતું. ભગવદર્પણ ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ શ્રી વિષ્ણુ પંડ્યાના શુભ હસ્તે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ગાંધીનગરના નગરજનોએ સારી સંખ્યામાં હાજરી આપી હતી.

(૫) ૧૦ જૂનના રોજ ગાંધીનગરની બી.પી. કૉલેજના વિદ્યાર્થીઓ માટે કમિશ્નર, સાંસ્કૃતિક અને યુવા પ્રવૃત્તિઓની આર્થિક સહાયથી એક દિવસીય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ શિબિરમાં શ્રી અરવિન્દ, શ્રી માતાજીનાં જીવનકાર્ય વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી.

(અહેવાલ : ડૉ. સી.કે. તન્ના)

*

તાજેતરમાં પ્રસિદ્ધ કરવામાં આવેલી નવી શિક્ષણનીતિ અને તેના અમલીકરણ સંદર્ભે શ્રી અરવિન્દ અને શ્રી માતાજીના શિક્ષણ વિશેના દર્શન વિશે તેમ જ 'શિક્ષકનું કર્તવ્ય' વિષયક નીચે મુજબના કાર્યક્રમોમાં શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા શાખાના અધ્યક્ષ શ્રી શરદભાઈ જોશી, તેમ જ શ્રી અરવિન્દ સોસાયટી, નવસારી શાખાના અધ્યક્ષ, શ્રી દિલીપભાઈ પટેલે રજૂઆતો કરી હતી.

(૧) વિદ્યાભારતી વિદ્યાલય, નવસારી ૩૦/૦૬/૨૦૨૨ના રોજ સવારે ૮થી ૯ દરમિયાન વિદ્યાલયના શિક્ષકો સાથે વાર્તાલાપ.

(૨) ચીખલી નજીક ખેર ગામની શાળામાં બપોરે ૧૨.૩૦થી ૧.૩૦ દરમિયાન વાર્તાલાપ.

(૩) ચીખલીની બીજી બાજુએ કુંડેરામાં શાંતા બા વિદ્યાલયમાં બપોરે ૩થી ૪ દરમિયાન વાર્તાલાપ.

(૪) ૧ જુલાઈ ૨૦૨૨ના રોજ એ.બી. સ્કુલ નવસારીમાં બપોરે ૩થી ૪ વાર્તાલાપ તથા શ્રી અરવિન્દ યોગસાધના કેન્દ્ર, નવસારીમાં સાંજે ૫-૩૦થી ૭-૩૦ દરમિયાન રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના બૌદ્ધિક મિલનનું આયોજન.

(અહેવાલ : શ્રી દિલીપ પટેલ)

*

શ્રી અરવિન્દ સોસાયટીની જામનગર શાખાના ઉપક્રમે ગુરુપૂર્ણિમાના પાવન પ્રસંગે સવારે ૧૦-૦૦થી ૧૦-૩૦ દરમિયાન સમાધિ સમીપ સમૂહધ્યાન તથા સાંજે ૭થી ૮ દરમિયાન સ્વ. શ્રી લક્ષ્મણભાઈ ગુસાઈ પરિવાર તથા સાથી વૃંદ દ્વારા ભક્તિગીતોનો અતિ સુંદર કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમોમાં કેન્દ્રના સભ્યો/સાધકોએ સારી સંખ્યામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. *(અહેવાલ : અર્પિતા નિર્મલ)*

*

નવું પ્રકાશન

સાવિત્રીશબ્દામૃત : ૧૪ : લે. શ્રદ્ધાવાન : ભાવાનુવાદ : કિરીટ ઠક્કર. પ્રકાશક : યોગયુક્તા પ્રકાશન, ઈ-૧૦૨ ચંદ્રનગર કૉલોની, સુવર્ણલક્ષ્મી ઍપાર્ટમેન્ટ પાસે, વાઘોડિયા રોડ, વડોદરા-૩૯૦ ૦૧૯. મો. ૯૪૨૭૫૪૦૧૯૫. ૧/૮ ડેમી. પૃષ્ઠ સંખ્યા : ૩૧૨+૧૬. સારા મેપલીથો કાગળ પર ઉત્કૃષ્ટ છાપકામ. આવરણ ચિત્ર ચાર રંગોમાં. આર્ટ કાર્ડ પર સુંદર છાપકામ. મૂલ્ય : રૂા. ૩૦૦/-. શ્રી અરવિન્દ કેન્દ્રોને યોગ્ય વળતર હંમેશ મુજબ આપવામાં આવશે.

પુસ્તકમાં પર્વ ૨, - ભુવનોના યાત્રીનું પર્વ - ના સર્ગ ૧૨થી ૧૫નું શ્રી શ્રદ્ધાવાને કરેલું મહાભાષ્ય સમાવવામાં આવ્યું છે. આ સાથે સાવિત્રી મહાકાવ્યના લાંબામાં લાંબા, તેમ જ સમજવામાં અઘરામાં અઘરા એવા પર્વ-૨ નું સંપૂર્ણ મહાભાષ્ય અંગ્રેજીભાષી તેમ જ ગુજરાતીભાષી વાચકોને સૌ પ્રથમ (કદાચ) સુલભ થઈ ગયું છે. હવે 'સાવિત્રી મહાકાવ્યનું પર્વ-૨, સમજવામાં બહુ અઘરું છે' એમ કહેવાને બદલે સાધકો આ મહાભાષ્યનો લાભ લેવાનું વલણ અપનાવશે એવી આશા છે. પ્રસ્તુત પુસ્તકમાં સમાવાયેલ ચાર સર્ગો (૧૨થી ૧૫) અનેક રીતે બહુ જ મહત્ત્વનાં છે. 'પર્વ ૨નો સર્ગ ૧૪, સાવિત્રી મહાકાવ્યના ૪૯ સર્ગોમાં મને સૌથી વધુ પ્રિય છે' એવું કથન શ્રી શ્રદ્ધાવાનજીએ કર્યું છે. સમગ્ર પર્વ ૨, હવે સાવિત્રીશબ્દામૃત શ્રેણીનાં પાંચ પુસ્તકો, ૯, ૧૧, ૧૨, ૧૩ અને ૧૪ માં વાચકો માણી શકશે.

*

SRI AUROBINDO SOCIETY

Notice for the Annual General Meeting

The Annual General Meeting of the members of Sri Aurobindo Society will be held on Saturday, the 24th September 2022, at 4.00 p.m. at its registered office, **Sri Aurobindo Bhavan, 8, Shakespeare Sarani, Kolkata – 700 071,** to transact the following business:

1. To confirm the minutes of the last Annual General Meeting held on 7th February 2022.
2. To consider and approve the audited Balance Sheet and Income & Expenditure Account of the Society for the year ended 31.03.2022.
3. To consider and adopt the Executive Committee's Annual Report of Activities for the year 2021–2022.
4. To appoint an auditor for the Society for the year 2022-2023.
5. To consider any other matter with the permission of the chair.

Sd/-

01.07.2022 **(Pradeep Narang)**
Puducherry Chairman

Note: The members are entitled to appoint proxy. Proxies must bedeposited at the Registered Office of the Society, No.8, Shakespeare Sarani, Kolkata – 700 071, during office hours, in advance but not less than 48 hours before the time of the meeting. The proxy should be a member of the Society. Proxy form is printed below.

PROXY

SRI AUROBINDO SOCIETY,
Regd. Office: 8, Shakespeare Sarani, Kolkata – 700 071.

I, …………………………. being a member of Sri Aurobindo Society, having membership No. ……………….. valid upto ……….. do hereby appoint ………………………… having Society's membership No. ……………… valid upto ……… as my proxy in my absence to attend and vote for me and on my behalf at the Annual General Meeting of the Society, to be held on Saturday, the 24th September 2022, at 4.00 p.m. and at any adjournment thereof.
In witness whereof, I have set my hand this…………..... day of ....……… 2022.

Revenue Stamp

(Signature of the member across the stamp)

Note: The proxy must be deposited at the Registered Office of the Society, No.8, Shakespeare Sarani, Kolkatta – 700 071, not less than 48 hours before the time of the meeting.

પ્રશ્ન : આપે શ્રી અરવિન્દના જન્મને વિશ્વના ઈતિહાસમાં 'શાશ્વત જન્મ' તરીકે ઓળખાવ્યો છે. આ 'શાશ્વત' શબ્દ ખરેખર કયા અર્થમાં કહેવામાં આવ્યો છે?

ચેતનાની આરોહણ કરતી ચાર ભૂમિકાઓએ આ વાક્યને ચાર જુદી જુદી રીતે સમજી શકાય.

(૧) શારીરિક ભૂમિકાએ, આ જન્મનું પરિણામ જગતને માટે શાશ્વત રીતે મહત્ત્વનું રહેશે.

(૨) મનોમય ભૂમિકાએ, એ એવો જન્મ છે, જે વિશ્વના ઈતિહાસમાં શાશ્વત કાળ માટે સ્મૃતિમાં રહેશે.

(૩) ચૈતસિક ભૂમિકાએ, એ એવો જન્મ છે જે યુગે યુગે શાશ્વત રીતે થતો રહે છે.

(૪) આધ્યાત્મિક ભૂમિકાએ, પૃથ્વી ઉપર 'શાશ્વત' પ્રભુનો જન્મ.

શ્રી માતાજી

(CWM 13 : 10)

Published on 5th of Every Month
Posted on 10th of Every Month at Vadodara HO

RNI NO GUJGUJ/2015/60353
RNP/VDR(E)338/2020-21
VALID UP TO 31/12/2023

(વર્ષ ૦૮ : અંક ૦૮)

વાર્ષિક લવાજમ ₹ ૨૦૦ - છૂટક અંક : ₹ ૨૦ (તા. ૧-૦૪-૨૦૨૧ થી)

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા
છૂટક અંકની કિંમત ₹ ૨૦-૦૦
વાર્ષિક લવાજમ ભારતમાં ₹ ૨૦૦
વિદેશ માટે-હવાઈ માર્ગે
અમેરિકન ડોલર ૨૫ વાર્ષિક

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫ ૦૦૨

પ્રકાશક :

શ્રી શરદચંદ્ર એમ. જોશી, અધ્યક્ષ,
શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,
દાંડિયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧
ફોન નં. (૦૨૬૫) ૨૪૧૨૬૮૫
E-mail : sasvadodara@aurosociety.org
વેબસાઈટ : www.auronivas.org

*

મુદ્રણસ્થાન : કૈલાસ પ્રિન્ટરી, ડી-૧૨, સરદાર એસ્ટેટ,
આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૧૩૪૭૩ મો.૯૮૭૯૦૦૬૦૯૦
E-mail : vishal6090@gmail.com

*

તંત્રી : શ્રી કિરીટકુમાર ઇન્દ્રવદન ઠક્કર

Published and Printed by Shri Sharadchandra M. Joshi,
on behalf of Sri Aurobindo Society, Vadodara
Published at Sri Aurobindo Nivas, Dandia Bazar, Vadodara-390001.
Printed at Kailas Printery D/12, Sardar Estate, Ajwa Road, Vadodara.
Editor : Shri Kiritkumar Indravadan Thakkar.